**અગત્યનું**

ક્રમાંક/મઉમશબ/ક/૮૭૮/૨૦૧૧
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર–૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૧૧/૭/૨૦૧૧

પ્રતિ,
આચાર્યશ્રી,
ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
વિજ્ઞાન પ્રવાહ ( તમામ )
ગુજરાત રાજય.

**વિષય : ઉ.મા.પ્ર.પરીક્ષા વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર પધ્ધતિ દાખલ કરવા બાબત..**
સંદર્ભ : બોર્ડની સામાન્ય સભાનો ઠરાવ ક્રમાંકઃ ૯/૨૦૧૦ તા.૩/૭/૨૦૧૦.

**મહાશય,**

બોર્ડની જાહેર પરીક્ષામાં સુધારાઓ કરવા બાબતે ગુજરાત રાજયના પૂર્વ મુખ્ય સચિવશ્રી સુધીર માંકડના અધ્યક્ષ સ્થાને તજજ્ઞ સમિતિની રચના કરવામાં આવેલ હતી. તજજ્ઞ સમિતિએ હાલની શિક્ષણ પધ્ધતિ અને પરીક્ષા પધ્ધતિમાં પરિવર્તન લાવી ગોખણીયા જ્ઞાનને આધારે લેવાતી પરીક્ષાઓને બદલે વિદ્યાર્થીઓમાં સમજણશકિત અને સર્જનાત્મક શકિતનો વિકાસ થાય તેવી પરીક્ષા પધ્ધતિની હિમાયત કરી છે. તજજ્ઞ સમિતિએ કરેલી ભલામણો ઉપર બોર્ડની તા.૩/૭/૨૦૧૦ની મળેલ સામાન્ય સભામાં વિસ્તૃત ચર્ચા–વિચારણા કરવામાં આવી હતી અને બોર્ડે તજજ્ઞ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરી ધો.૧૧ અને ૧૨ (વિજ્ઞાન પ્રવાહ)માં જુન–૨૦૧૧થી સેમેસ્ટર પધ્ધતિ દાખલ કરવાનો તેમજ ગણિતશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર તથા જીવવિજ્ઞાનનો અભ્યાસ ક્રમ/ વિષયવસ્તુ NCF 2005 આધારિત Core Curriculum મુજબ રાખવાનો પણ નિર્ણય કરેલ અને તે મુજબ ધોરણ–૧૧ના પ્રથમ સેમેસ્ટરના પાઠયપુસ્તકો તૈયાર કરવામાં આવેલ છે.

સેમેસ્ટર પધ્ધતિ અંતર્ગત ધોરણ–૧૧ના અભ્યાસક્રમને બે સેમેસ્ટરમાં તેમજ ધોરણ–૧૨ના અભ્યાસક્રમનો બીજા બે સેમેસ્ટરમાં, એમ બન્ને વર્ષનાં અભ્યાસક્રમને કુલ ચાર સેમેસ્ટરમાં વહેંચી દરેક સેમેસ્ટરને અંતે બોર્ડ દવારા પરીક્ષા લેવાનો તેમજ દરેક સેમેસ્ટરનું સરખું "વેઈટેજ" રાખવાનું નકકી કરેલ છે. આ ચાર સેમેસ્ટરો પૈકી ધોરણ–૧૧ના પ્રથમ સેમેસ્ટર અને ધોરણ–૧૨ના પ્રથમ સેમેસ્ટરને અંતે બોર્ડ દવારા હેતુલક્ષી પ્રશ્નો ધરાવતાં પ્રશ્નપત્રોની ઓ.એમ.આર. શીટથી પરીક્ષા લેવાશે. જયારે, ધોરણ–૧૧ના બીજા સેમેસ્ટર અને ધોરણ–૧૨ના બીજા સેમેસ્ટરની પરીક્ષા હેતુલક્ષી અને વર્ણનાત્મક એમ બન્ને પ્રકારની રહેશે.

બોર્ડ દ્વારા ટૂંક સમયમાં ધોરણ–૧૧ના પ્રથમ સેમેસ્ટરના પરિરૂપ અને નમૂનાના પ્રશ્નપત્રો શાળાઓને મોકલવામાં આવનાર છે. ધોરણ–૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર પધ્ધતિ દાખલ કરવામાં આવેલ છે તે સંદર્ભમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો–૨૦૦૫માં જરૂરી સુધારાઓ કરવાની પ્રક્રિયા હાથ ધરેલ છે અને તે ટૂંક સમયમાં પ્રસિધ્ધ કરવામાં આવશે. આ તબકકે સેમેસ્ટર પધ્ધતિ માટે ધ્યાનમાં રાખવાનાં થતા મહત્વનાં મુદ્દાઓ નીચે મુજબ છે.

(૧) ધોરણ–૧૧ અને ૧૨નાં વિજ્ઞાન પ્રવાહનાં વિદ્યાર્થીએ બોર્ડ દ્વારા લેવામાં આવતી દરેક વિષયની ચાર સેમેસ્ટર–પરીક્ષા આપવાની રહેશે.દરેક સેમેસ્ટરમાં અભ્યાસ માટેના કોર્સનું વિષયવસ્તુ (નકલ સામેલ છે) બોર્ડે નકકી કર્યા મુજબનું રહેશે. પ્રથમ અને ત્રીજા સેમેસ્ટરની પરીક્ષાના પ્રશ્નપત્રો હેતુલક્ષી (Objective) પ્રકારનાં રહેશે; જેની પરીક્ષા OMR Sheet પર જવાબ નોંધવાની પધ્ધતિથી લેવામાં આવશે. બીજા અને ચોથા સેમેસ્ટરની પરીક્ષાનું પ્રશ્નપત્ર હેતુલક્ષી (Objective) અને વર્ણનાત્મક (Descriptive) પ્રકારના પ્રશ્નોનું રહેશે. જે તે કોર્સના જે તે વિષયમાં સેમેસ્ટર–પરીક્ષામાં પાસ થવા માટે (યોગ્યતા પ્રાપ્ત કરવા માટે ) બોર્ડ નકકી કરેલાં નવ પોઈન્ટ સ્કેલમાં 'D' ગ્રેડ અથવા 'D'થી ઉપરનો ગ્રેડ પ્રાપ્ત કરવાનો રહેશે.

(૨) ધોરણ–૧૧ અને ૧૨નાં વિજ્ઞાનપ્રવાહનાં કોઈ વિદ્યાર્થી કોઈ સેમેસ્ટરના કોઈ વિષયમાં યોગ્યતાપ્રાપ્તિ માટે (ઉત્તીર્ણ થવા માટે)ના સ્તર સુધી ન પહોંચી શકે એવા સંજોગોમાં તે વિદ્યાર્થીને તે સેમેસ્ટરની તે વિષયની પરીક્ષામાં ફરીથી બેસવા દેવામાં આવશે. પ્રથમ સેમેસ્ટરનાં વિષયોમાં યોગ્યતાપ્રાપ્તિ માટેની આવી તક ત્રીજા સેમેસ્ટરની પરીક્ષાની સાથે તથા બીજા સેમેસ્ટરનાં વિષયોમાં યોગ્યતાપ્રાપ્તિ માટેની આવી તક ચોથા સેમેસ્ટરની પરીક્ષાની સાથે મળશે. જે તે કોર્સમાં ફરીથી પરીક્ષામાં બેસવા માટે અને ઉત્તીર્ણ થવા માટે વધુમાં વધુ બીજી બે તક આપવામાં આવશે; આ તક ધોરણ–૧૨ની છેલ્લી પરીક્ષા પૂરી થયા પછી પણ પ્રાપ્ત થઈ શકશે; પરંતુ તે ત્યારપછીની બે સેમેસ્ટર પરીક્ષા એટલે કે એક વર્ષ સુધી જ મેળવી શકાશે.

(૩) ચાર સેમેસ્ટરની પરીક્ષા બોર્ડે નકકી કરેલાં વિષય માળખા મુજબ લેવામાં આવશે અને દરેક સેમેસ્ટરનું વેઈટેજ (ભારાંક) સરખું અર્થાત ૨૫ % રહેશે અને તે મુજબ ચારેય સેમેસ્ટરનું એકંદર ગુણપત્રક અને પ્રમાણપત્ર આપવામાં આવશે.

(૪) ધોરણ–૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર પધ્ધતિ હેઠળ ઉપલા સેમેસ્ટરમાં જવા માટે વિદ્યાર્થીએ આગલા સેમેસ્ટરનાં પરિણામની રાહ જોવાની રહેશે નહિ. ધોરણ–૧૧ અને ૧૨ના ચાર સેમેસ્ટરના નકકી કરેલા કોર્સમાં દરેક વિષયમાં યોગ્યતાપ્રાપ્તિ માટેના સ્તર સુધી પહોંચે ત્યારે જ તે વિદ્યાર્થીને અંતિમ યોગ્યતાપ્રાપ્તિ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.જો કે, દરેક સેમેસ્ટર પરીક્ષા પછી જુદા જુદા વિષયોની પરીક્ષા આપનાર વિદ્યાર્થીને અંશતઃ સફળતાનું પ્રમાણપત્ર આપવામાં આવશે(ઓછામાં ઓછા એક વિષયમાં યોગ્યતા પ્રાપ્ત થાય/પાસ થાય તો જ) અથવા પરીક્ષામાં બેઠાનું પ્રમાણપત્ર આપવામાં આવશે (જો વિદ્યાર્થીએ પરીક્ષા આપી હોય પણ એકપણ વિષયમાં યોગ્યતા પ્રાપ્ત કરી શકયા ન હોય તો).

(૫) સેમેસ્ટર પધ્ધતિમાં દરેક સેમેસ્ટરના અંતે અભ્યાસક્રમમાં મુકકર કરેલ પધ્ધતિ મુજબની પ્રાયોગિક પરીક્ષાઓ શાળા દ્વારા લેવામાં આવશે; જેનાં ગુણ શાળાઓએ બોર્ડને મોકલવાના રહેશે.

(૬) જે વિષયમાં પ્રાયોગિક પાસુ છે તેવા વિષયોની પ્રાયોગિક પરીક્ષા શાળાએ લેવાની રહેશે.

(૭) પ્રાયોગિક પાસુ ધરાવતા વિષયોમાં દરેક સેમેસ્ટરમાં પરીક્ષાર્થીની પ્રાયોગિક કાર્ય માટે ફાળવેલ સમયના ઓછામાં ઓછી ૮૦ % હાજરી અનિવાર્ય રહેશે તેમજ પ્રાયોગિક કાર્યનું જર્નલ અથવા પ્રયોગપોથી નિભાવવાની રહેશ અને શાળાએ ચાર સેમેસ્ટર પૂર્ણ થયાના પછીના એક વર્ષ સુધી તેને સાચવવાની રહેશે.

(૮) વિદ્યાર્થી પ્રથમ સેમેસ્ટર શરૂ થયા બાદ ૩૧મી ઓગસ્ટથી મોડું નહી તે રીતે એ, બી ગ્રુપમાં ગ્રુપ ફેરફાર કરી શકશે.એબી (AB) ગ્રુપવાળા વિદ્યાર્થીને 'A' કે 'B' ગ્રુપમાં ફેરફાર કરવા માટે આ સમયનો બાધ રહેશે નહી.

(૯) પ્રથમ બે સેમેસ્ટર પાસ થયેલ ઉમેદવાર જો ત્યારબાદ પ્રવાહ બદલવામાં માંગતો હોય તો તે ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહમાં પ્રવેશ મેળવી શકશે તેવીજ રીતે પ્રથમ અને બીજા સેમેસ્ટર પાસ કર્યા બાદ ત્રીજા કે ચોથા સેમેસ્ટરમાં નાપાસ થાય અને ત્યારબાદ ઈચ્છે તો પ્રવાહ બદલી ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહમાં નિયમિત વિદ્યાર્થી તરીકે પ્રવેશ મેળવી શકશે.

(૧૦) વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર પધ્ધતિનો વિદ્યાર્થી "AB Group" માં હોય અને જો તે ઈચ્છેતો કોઈપણ સેમેસ્ટર દરમ્યાન "A" કે "B" Group પસંદ કરીને અભ્યાસ કરી શકશે.

(૧૧) સેમેસ્ટર પધ્ધતિની પરીક્ષા માટેના આવેદનપત્રો બોર્ડ નકકી કરે તેવી નિયત તારીખ સુધીમાં શાળાએ મોકલવાના રહેશે.

(૧૨) વિજ્ઞાન પ્રવાહનો વિદ્યાર્થી જે તે સેમેસ્ટરમાં બધા વિષયોમાં મળીને પાંચ ગુણથી વધુ નહી તેટલા ગુણથી 'D' ગ્રેડ પ્રાપ્ત કરવામાં નિષ્ફળ થાય તો તેની આવી ગુણતુટને ક્ષમ્ય ગણવામાં આવશે.

સેમેસ્ટર પધ્ધતિની ઉપરોકત માહિતી અંગે દરેક શાળાએ સર્વ વિદ્યાર્થી / વાલીઓ અને શિક્ષકોને માહિતગાર કરી જરૂરી માર્ગદર્શન આપવાનું રહેશે.

**( જી.એમ.રબારી )**
પરીક્ષા સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

**બિડાણ :** ઉપર મુજબ.

**નકલ રવાના :**
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ તરફ સંબંધિત શાળાઓને જાણ કરવા સારૂ

## વિજ્ઞાન પ્રવાહ

જૂથ-1 નીચેના પૈકી કોઈ એક ભાષા પસંદ કરવાની રહેશે :

| વિષયનો ઇન્ડેક્ષ નંબર | વિષયનું નામ | કુલ ગુણ | ઉત્તિર્ણ થવા માટે ઓછામાં ઓછાગુણ |
|---|---|---|---|
| 006 | અંગ્રેજી (અંગ્રેજી માધ્યમ માટે) | 100 | 33 |
| 013 | અંગ્રેજી (અંગ્રેજી માધ્યમ સિવાયના માટે) | 100 | 33 |

જૂથ-2 નીચેના પૈકી કોઈ એક વિષય પસંદ કરવાનો રહેશે :

| વિષયનો ઇન્ડેક્ષ નંબર | વિષયનું નામ | કુલ ગુણ | ઉત્તીર્ણ થવા માટે ઓછામાં ઓછાગુણ |
|---|---|---|---|
| 001 | ગુજરાતી (જૂથ-1માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 002 | હિન્દી (જૂથ-1માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 003 | મરાઠી (જૂથ-1માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 004 | ઊર્દૂ (જૂથ-1માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 005 | સિંધી (જૂથ-1માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 008 | ગુજરાતી (જૂથ-1માં 006 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 009 | હિન્દી (જૂથ-1માં 006 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 129<br>130<br>131<br>132 | સંસ્કૃત<br>ફારસી<br>અરબી<br>પ્રાકૃત } ગમે તે એક | 100 | 33 |
| 331 | કમ્પ્યૂટર એજ્યુકેશન (સૈદ્ધાંતિક) | 100 | 33 |
| 332 | કમ્પ્યૂટર એજ્યુકેશન (પ્રાયોગિક) | 50 | 17 |

જૂથ-3 નીચેના પૈકી ગ્રૂપ-A, ગ્રૂપ-B અને ગ્રૂપ-AB મુજબના વિષયોની પસંદગી કરવાની રહેશે :

**ગ્રૂપ-A** ગણિત, રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, **ગ્રૂપ-B** જીવવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન

**ગ્રૂપ-AB** ગણિત, જીવવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન

| વિષયનો ઇન્ડેક્ષ નંબર | વિષયનું નામ | સૈદ્ધાંતિક | | પ્રાયોગિક | |
|---|---|---|---|---|---|
| | | કુલ ગુણ | ઉત્તિર્ણ થવા માટે ગુણ | કુલ ગુણ | ઉત્તીર્ણ થવા માટે ગુણ |
| 050 | ગણિત | 100 | 33 | - | - |
| 052 | રસાયણ વિજ્ઞાન | 100 | 33 | - | - |
| 053 | રસાયણ વિજ્ઞાન | - | - | 50 | 17 |
| 054 | ભૌતિક વિજ્ઞાન | 100 | 33 | - | - |
| 055 | ભૌતિક વિજ્ઞાન | - | - | 50 | 17 |
| 056 | જીવ વિજ્ઞાન | 100 | 33 | - | - |
| 057 | જીવ વિજ્ઞાન | - | - | 50 | 17 |

(કૃપયા પાછળ જુઓ)

(૧) સેમેસ્ટર પધ્ધતિમાં દરેક સેમેસ્ટરના અંતે અભ્યાસક્રમમાં મુકકર કરેલ પધ્ધતિ મુજબની પ્રાયોગિક પરીક્ષાઓ શાળા દ્વારા લેવામાં આવશે; જેનાં ગુણ શાળાઓએ બોર્ડને મોકલવાના રહેશે.

(૨) પ્રાયોગિક પાસુ ધરાવતા વિષયોમાં દરેક સેમેસ્ટરમાં પરીક્ષાર્થીએ પ્રાયોગિક કાર્ય માટે ફાળવેલ સમયના ઓછામાં ઓછી ૮૦ % હાજરી અનિવાર્ય રહેશે તેમજ પ્રાયોગિક કાર્ય જર્નલ અથવા પ્રયોગપોથી નિભાવવાની રહેશ અને તે, શાળાએ ચાર સેમેસ્ટર પૂર્ણ થયાના પછીના એક વર્ષ સુધી સાચવવાની રહેશે.

(૩) પ્રથમ અને ત્રીજા સેમેસ્ટરની પરીક્ષામાં પ્રશ્નપત્રો હેતુલક્ષી ( Objective ) પ્રકારના રહેશે; જેની પરીક્ષા OMR પધ્ધતિથી લેવામાં આવશે. બીજા અને ચોજા સેમેસ્ટરની પરીક્ષામાં પ્રશ્નપત્રો હેતુલક્ષી (Objective ) અને વર્ણનાત્મક (Descriptive) પ્રકારના રહેશે.

(૪) વિદ્યાર્થી ઉર્ત્તિણ થયા માટે દરેક સેમેસ્ટરમાં તમામ વિષયોમાં ઓછામાં ઓછા ૩૩ % ગુણ ('ડી' ગ્રેડ) મેળવવાનાં રહેશે.

(૫) ચાર સેમેસ્ટરની પરીક્ષા બોર્ડે નકકી કરેલાં વિષય માળખા મુજબ લેવામાં આવશે અને દરેક સેમેસ્ટરનું વેઈટેજ (ભારાંક) ૨૫ % રહેશે અને તે મુજબનું ચારેય સેમેસ્ટરનું એકંદર ગુણપત્રક અને પ્રમાણપત્ર આપવામાં આવશે.

(૬) ધોરણ–૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર પધ્ધતિ હેઠળ ઉપલા સેમેસ્ટરમાં જવા માટે વિદ્યાર્થીએ આગલા સેમેસ્ટરનાં પરિણામની રાહ જોવાની રહેશે નહિ. ધોરણ–૧૧ અને ૧૨ના ચાર સેમેસ્ટરના નકકી કરેલા કોર્સમાં દરેક વિષયમાં યોગ્યતાપ્રાપ્તિ માટેના સ્તર સુધી પહોંચે ત્યારે જ તે વિદ્યાર્થીને અંતિમ યોગ્યતાપ્રાપ્તિ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.જો કે, દરેક સેમેસ્ટર પરીક્ષા પછી જુદા જુદા વિષયોની પરીક્ષા આપનાર વિદ્યાર્થીને અંશતઃ સફળતાનું પ્રમાણપત્ર આપવામાં આવશે(ઓછામાં ઓછા એક વિષયમાં યોગ્યતા પ્રાપ્ત થાય/પાસ થાય તો જ) અથવા પરીક્ષામાં બેઠાનું પ્રમાણપત્ર આપવામાં આવશે (જો વિદ્યાર્થીએ પરીક્ષા આપી હોય પણ એકપણ વિષયમાં યોગ્યતા પ્રાપ્ત કરી શકયા ન હોય તો).

(૭) ધોરણ–૧૧ અને ૧૨નાં વિજ્ઞાનપ્રવાહનાં કોઈ વિદ્યાર્થી કોઈ સેમેસ્ટરના કોઈ વિષયમાં યોગ્યતાપ્રાપ્તિ માટે (ઉત્તીર્ણ થવા માટે)ના સ્તર સુધી ન પહોંચી શકે એવા સંજોગોમાં તે વિદ્યાર્થીને તે સેમેસ્ટરની તે વિષયની પરીક્ષામાં ફરીથી બેસવા દેવામાં આવશે. પ્રથમ સેમેસ્ટરનાં વિષયોમાં યોગ્યતાપ્રાપ્તિ માટેની આવી તક ત્રીજા સેમેસ્ટરની પરીક્ષાની સાથે તથા બીજા સેમેસ્ટરનાં વિષયોમાં યોગ્યતાપ્રાપ્તિ માટેની આવી તક ચોથા સેમેસ્ટરની પરીક્ષાની સાથે મળશે. જે તે કોર્સમાં ફરીથી પરીક્ષામાં બેસવા માટે અને ઉત્તીર્ણ થવા માટે વધુમાં વધુ બીજી બે તક આપવામાં આવશે; આ તક ધોરણ–૧૨ની છેલ્લી પરીક્ષા પૂરી થયા પછી પણ પ્રાપ્ત થઈ શકશે; પરંતુ તે ત્યારપછીની બે સેમેસ્ટર પરીક્ષા એટલે કે એક વર્ષ સુધી જ મેળવી શકાશે.